


## સલામી સવારની..

કુટુંબીજનોને સન્માનવા લંગાર લાગે છે,
જૂથવાદને કારણે દેખાવ ભંગાર લાગે છે,
લાગે છે શૃંગાર જાણે મૃતદેહ શણગારનો -
મોડાં-મોડાં સન્માન દેહ પર અંગાર લાગે છે...

હાઈકુ

ટાંગ ખેંચમાં,
અગત્યની ફરજ -
રહી જાય છે...

યોગ્ય વ્યક્તિનું -
છે અપમાન જેવું,
મોડું સન્માન...

(બાજપાઈ-દિલીપકુમારને અન્યાય)

## ચિંતન

**ભાગ્ય વન્તમ્ પરીક્ષ્ય કારિણં શ્રીઃ પરિત્યજતિ ॥**

'ચાણક્યનીતિ'નું આ સૂત્ર છે :

'વિના વિચારે આંધળુકિયાં સાહસ કરનારો, વ્યક્તિ ભલે ગમે તેવી-તેટલી ભાગ્યશાળી કેમ ન હોય, છતાં લક્ષ્મીજી તેને ત્યજી જાય છે.'

ગમે તેવો ભાગ્યશાળી-બુદ્ધિમાન વ્યક્તિ હોય તો પણ કોઈ પણ સાહસ-નવો ધંધો નવી ભાગીદારી, નવું ક્ષેત્રમાં પગ મૂકતાં પહેલાં તેનાં સમસ્યા- અને પરિણામોનાં તમામ પાસાંનો વિચાર કરી, આયોજનબદ્ધ -અમલ કરવો જોઈએ. કોઈ પણ કેમ કોઈના કહેવાથી, પૂરો વિચાર કર્યા વિના - માત્ર વિશ્વાસ - અને ભાગ્યને ભરોસે કૂદી ન પડાય...

આવા ખોટાં સાહસ કરનારા, ભાગ્યશાળી હોય, પૈસા અને સુવિધાઓની ભરમાર વચ્ચે રહેતા હોવા છતાં જો આધળુકિયાં કરે તો માલ-મિલ્કતને ક્ષય જ થાય - ખોટ જાય. સમૃદ્ધિનો વિનાશ જ થાય.

## સુવિચાર

- સપના જોનારો ક્યારેક ગરીબ નથી હોતો! - **ડો. એ.પી.જે. કલામ**
- હસવું, હસી પડવું, અને હસી નાખવામાં ઘણાં ફેર છે - **કાન્તિ ભટ્ટ**
- ક્યારે હસવું એ રડવા કરતાં પણ વધુ પિડાદાયી હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રગતિ એટલે સંયમ નિયંત્રિત પાંખ અને પવિત્રતા ન વિસરતી આંખ નો અદ્ભૂત સંગમ્ - **જ્ઞાનસૂત્ર**
- માનવ સંબંધો હોય કે સત્તા, કિર્તી, માન, મરતબો આ દરેક ઉપર એકસપાઈરી ટેઈટ લખેલી જ હોય છે...જો તમે એ વાંચી શકો થો.. - **ડો. અઢિયા**
- તુજ સુખની મહેફીલમાં તું સૌને નોતરજે,
  પણ જમજે અશ્રુની ધાર એકલો - **ઝવેરચંદ મેઘાણી**
- આજનું ઔષધ : સૂંઠનો પાવડર માથાના દુઃખાવામાં લમણા પર લગાવવાથી તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

આજે સિંહ-વાઘ-દીપડા નગરમાં ખોરાકની શોધ માટે આવી જાય છે, વરસાદ-તાપમાં પણ અનિયમિતતા આવી ગઈ છે. વાતાવરણ-પ્રકૃતિમાં આ સખળ અખળબખડ આપણી 'પર્યાવરણ' તરફની બેદરકારી માટે અને પ્રાણી માત્ર પ્રત્યે આપણા સ્વાર્થ માટેની અસહિષ્ણુતાનું જ પરિણામ છે.

એક જમીનદારે એક ખેડૂતને પોતાના ખેતરમાંથી ઘાસ કાઢવા માટે રોક્ય - મજૂરી નક્કી થઈ જમીનદારે સ્પષ્ટ સૂચના આપી ખૂણેખૂણામાંથી બધું જ ઘાસ નીકળી જવું જોઈએ. નહીં તો મજૂરીના પૈસા કાપી લઈશ.

સાંજે કામ પુરું થયું. આખું ખેતર સાફ થઈ ગયું. પણ એક ખૂણામાં સારો એવો મોટો ભાગ ઘાસ કાઢ્યા વિનાનો હતો. જમીનદારે આવીને જોયું અને તરત જ તેનું ધ્યાન પેલા ખૂણા પર જ ગયું. કહ્યું 'અલ્યા! પણે તો ઘાસ બાકી રહી ગયું છે!'

મજૂર કહે, શેઠ એટલાના પાસા કાપી લ્યો! પણ ત્યાં હું મશીન નંઈ ફેરવું! શેઠને આશ્ચર્ય થયું ત્યાં જઈ જોયું તો એટલા વિસ્તારમાં મોટી કીડીઓનું વિપુલ પ્રમાણમાં રાફડા અને દર હતાં... કરૂણાસભર-કરૂણાના સાગર જેવું હૃદય ધરાવતો મજૂર જો સમજ્યો તે આપણા બિલ્ડરો કયારે સમજશે?!

# કોંગ્રેસ માટે ગળાનું હાડકું બનેલો 'કોંગ્રેસ દર્શન'નો લેખ

## તંત્રીસ્થાનેથી....

કોંગ્રેસના એકસો એકત્રીસમા સ્થાપના દિવસે જ 'કોંગ્રેસ દર્શન' નામના સામયિકમાં પ્રગટ થયેલ લેખથી વર્તમાન નેતાગીરી માટે ભારે ક્ષોભજનક સ્થિતિ સરજાવા પામેલ છે. સંજય નિરુપણના તંત્રીપદે ચાલતા આ સામયિકમાં સરદાર પટેલ વિશેનો એક લેખ છપાયો છે. એમાં સરદાર પટેલને પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ કરતાં ચઢિયાતા નેતા દર્શાવાયા છે એટલું જ નહીં, પરંતુ તિબેટ અને કાશ્મીર કે ગોવા જેવા મુદ્દાઓ પર પંડિત નહેરુએ એમની સલાહ અવગણી હતી એથી દેશને ભારે નુકસાન ભોગવવું પડ્યું છે એવી રજૂઆત પણ કરાઈ છે. પંડિત નહેરુ અને સરદાર પટેલ વચ્ચે ઘણી બાબતોમાં મતભેદ પણ હતા તે સર્વસ્વીકૃત સત્ય ગણાવા લાગ્યું છે. ખુદ કોંગ્રેસીઓ પણ દબી જબાનમાં આ સત્ય સ્વીકારે છે. પરંતુ જયારે મીડિયામાં ચર્ચાતી અને ભારતીય જનતા પાર્ટી કે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની રેલીમાં જોરશોરથી પ્રચારિત થતી આ બાબત હવે કોંગ્રેસના જ મુંબઈથી પ્રકાશિત મુખપત્રમાં અગ્રલેખ સ્વરુપે પ્રકાશિત થવા પામી છે ત્યારે સ્વાભાવિક રીતે જ કોંગ્રેસની વર્તમાન નેતાગીરી ભારે ભોંઠપ અનુભવી રહી છે. પંડિત નહેરુ ઉપરાંત આ લેખમાં સોનિયા ગાંધીના પિતા વિશે પણ નકારાત્મક કોમેન્ટ કરાઈ છે. સોનિયાના પિતા ફાસીવાદી હતા, એવી માહિતી પીરસનાર 'કોંગ્રેસ દર્શન' માં સોનિયા ગાંધી પ્રાથમિક સભ્યપદ મેળવ્યા પછી ગણતરીના દિવસોમાં જ કોંગ્રેસનાં રાષ્ટ્રીય અધ્યક્ષ બની ગયાં હોવાની વિગત પણ છવાઈ છે. સામયિકમાં છપાયેલ સામગ્રી પરત્વે તંત્રી સંજય નિરુપમે ખેદ વ્યક્ત કર્યો છે અને મેગેઝિનના કન્ટેન્ટ એડિટરનો તાત્કાલિક અસરથી પાણીચું પણ પકડાવી દેવાયું છે. વળી ત્યાં સુધી કહેવાયું છે કે સામયિકનું નામ ભલે 'કોંગ્રેસ દર્શન' હોય પરંતુ એ કંઈ કોંગ્રેસનું અધિકૃત મુખપત્ર નથી. આ પ્રકારના લૂલા બચાવથી જનતા પાર્ટી જેવા વિરોધીઓને તો કોંગ્રેસી સાંસદ અને મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસના કર્ણધારે સોનાની તાસકમાં કોંગ્રેસની દુખતી રગ જેવા રાજકીય મુદ્દા પીરસી જ દીધા છે. પાર્ટીના મોવડી મંડળ માટે સંજય નિરુપમ ઘણા મહત્ત્વના નેતા છે. એમણે શિવસેના છોડીને કોંગ્રેસ સાથે જોડાવાનું જોખમ ખેડ્યું ત્યારથી શિવસેના છોડીને કોંગ્રેસ સાથે જોડાવાનું જોખમ ખેડ્યું ત્યારથી શિવસેના નબળી પડતી ગઈ છે. પરંતુ શિવસેનાના સંસ્કારો ધરાવતા આ ઉછીના નેતાના હૈયે હતું તે હોઠે આવી ગયું છે. કોંગ્રેસ પોતાના નેતાઓ- સવિશેષ નહેરુ ગાંધી પરિવાર વિશે એક પણ ઘસાતો શબ્દ સહન કરવા તૈયાર નથી. અલબત્ત, આ કોઈ તંદુરસ્ત વલણ નથી. પંડિત નહેરુએ ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકે યાદગાર કામગીરી બજાવી છે એમાં બે મત ન હોઈ શકે. પરંતુ તિબેટ, કાશ્મીર અને ગોવાના મુદ્દે સરદાર પટેલની સલાહ એમને કાને નહોતી ધરી એ એક ઐતિહાસિક સત્ય છે. એથી દેશને નુકશાન પણ થયું છે તે હકીકત છે. પંડિત નહેરુએ સરદારના મૃત્યુ પછી ઘણાં વર્ષો બાદ ચીન પર વધુ પડતો વિશ્વાસ મૂકી દીધો અને ચીને ભારત સાથે દગો કરી આક્રમણ કર્યું - તે પણ ઐતિહાસિક સત્ય છે. ઈંદિરા ગાંધીએ કટોકટી લાદી હતી અને જયપ્રકાશ નારાયણ, મોરારજી દેસાઈ તથા ચરણસિંહ જેવા બુઝર્ગ નેતાઓને જેલમાં ધકેલી મૂક્યા હતા, તે પણ એક ભયંકર ઐતિહાસિક વિડંબના હતી. કોંગ્રેસની વર્તમાન નેતાગીરીએ એના પૂર્વસૂરિઓની આ ભૂલોને ખેલદિલીપૂર્વક સ્વીકાર કરવો જોઈએ. જો કે સોનિયા ગાંધીના પિતા ફાસીવાદી હોય એથી ભારતને કે કોંગ્રેસને કોઈ જ ફરક પડતો નથી. ભૂતકાળની ભૂલોના આધારે ભાજપ કોંગ્રેસને બદનામ કરવા કોશિશ કરે તે પણ ઉચિત ન જ ગણાય. પરંતુ આપણી લોકશાહીમાં એટલી પુખ્તતાની અપેક્ષા વધારે પડતી જ લેગાશે!

# દીકરી એટલે તનયા, અંગજા, આત્મજા, દુહિતા અને દુર્ગા

'દીકરી' શબ્દની સરગમ કરુણ છે. દીકરી શબ્દના મૂળમાં દુ = (ફાડવું) ધાતુ (ક્રિયાપદ) રહેલો છે. દીકરી બાપનું હદય ફાડવાવાળી મનાય છે, કેમ કે તેનું રક્ષણ કરવાની અને પરણાવવાની ફિકરમાં બાપનું મન દુઃખી થાય છે. જ્યાં સુધી દીકરીની માંડવેથી વિદાય ન થાય ત્યાં લગી ચિંતા નામની ડાકણ બાપની નસમાં નિત્ય વહેતી રહે છે. માતા ઓશીકે આંસુ સારે અને પિતા વગર આંસુએ રડે ત્યારે સમજવું કે એ ઘરમાં દીકરીને પરણાવવાનું મૂરત સમીપે આવી ચડ્યું છે.

દીકરી જ્યારે બાળકીમાંથી કુમારિકા બને અને પછી દસ વર્ષની થાય... ત્યાં લગી તેના તોફાનો પણ ગમતીલાં હોય છે. ભાઈને વધારે અને મને થોડું- આ ફરીયાદ કાયમ સાંભળવા મળતી હોય છે. કેટલાક ઘરોમાં બે બહેન પછી ભાઇ (સાહેબ)નો જનમ થાય ત્યાં ભઈલાને વધારે મોજ હોય. તોફાન મસ્તી કરવાઓ બધો હક ભાઈને આપોઆપ મળી જાય અને બહેનોએ માત્ર કામને ન્યાય આપવાઓ નહી કે પોતાની જાતને! દૂધનો વાડકો ભાઇનો અને તે વાડકાને સાફ કરવાની જવાબદારી જ્યારે બહેનની બની જાય તો તે ઘરને વણ બંધાયેલી દેશી જેલ કહી શકાય.




જ્યારથી ઘરમાં પુત્રીનો જન્મ થાય ત્યારથી તેનો મધુર કેકારવ ગૂંજ્યા કરતો હોય છે. તેની આંખોથી માંડીને નાનાની પગલીઓ ઘરને મંદીરનો દરજ્જો આપી દે છે. ઝીણી ઘૂંઘરીયોવાળા નૂપુર પહેરીને ડગ માંડતી બેટી સંગીતના સાતે સૂરને પાછા પાડી દે છે. તેના નાના ઝાંઝર માતાને મધુર , પિતાને પ્યાર અને અન્યોનો જીવવનો આધાર બની જાય છે. પણ એવો પણ સમય હોય છે કે અંગજા જ્યારે નાચે ત્યારે આકાશ નીચે ઉતરી આવે, એ હસે તો ફૂલો ખીલી જાય અને રડે તો કરુણ રસ સાક્ષાત થાય.

અત્યારે પણ દીકરીને દૂર દેશમાં પરણાવવા કેટલાક મા-બાપ ઉત્સુક હોય છે. 'દુહિતા' શબ્દ પણ-દૂર દેશમાં વિવાહ કરનારી પુત્રી માટે જ વપરાયો છે. દૂર રહીને પણ યાદોની ગલીઓમાં જે સદાય ખેલતી અને ખીલતી રહે તે જ દુહિતા. દુહિતાનું ઘર બદલાય પણ દિલ ક્યાં બદલાય છે?

એક મા જ્યારે સાસુ બની જાય છે ત્યારે તેનામાં એવા ક્યાં રાસાયણિક ફેરફારો થાય છે કે બીજી એક દીકરીની એ દુશ્મન કે અળખામણી બની જાય. ગુજરાતીમાં એક કહેવત હતી કે દીકરીને ગાળ અને વહુને શિખામણ... ગામડાની સાસુ ક્યારેક વહુને કશુંક કહી સંભળાવવા માટે દીકરીને અપ્રત્યક્ષ રીતે કહીનાખે જેનાથી બીજાને (વહુને) ચેતી જવાનો આડકતરો બોધ મળી જાય. જ્યારે છાપાના કાળા કાગળ પર કોઈની દીકરીને સળગાવવાની કે હેરાન કરવાના સમાચાર વાંચવા મળે ત્યારે તે ઘરને કાળા રંગથી રંગી નાખાવાનું મન થઈ આવે છે.

આત્માનો એક કટકો આત્મજા બનીને માના ખોળામાં ઉછરે ત્યારે તે ખુશીના પાલવ જીવંત કરી જાય છે. શિક્ષણ લેતી દીકરી શાળાના ગણવેશમાં અને બે ચોટલા મમ્મી-મમ્મી બોલતી આવે અને ભઈલાને શોધતી રહે. ગામડાના કેટલાક અમર ચિત્રોમાં એક ચિત્ર અમથું યાદ આવી જાય છે અને એટલે ભૈયાને કાંધે બેસાડી ગામમાં જ્યાં જાય ત્યાં લઈ જવો!

દીકરી જ્યારે પરણીને સાસરે જાય ત્યારે માતા રાહ જોતી હોય કે દીકરીએ દીવો ક્યારે થાય? અર્થાત્ દીકરીના વંશથી ઘર ઉઘાડું રહેશે ને? દીકરીની પેઢી આગળ વધે એમાં પણ માતા-પિતાની ખુશી બેવડી થાય. પુત્રીનો એક અર્થ દુર્ગા પણ ગણાયો છે. પુત્રીને દુર્ગા બનાવતા શીખવાડવું એ આજના યુગના પિતાનું કર્તવ્ય છે. માત્ર સ્નાતક બનાવી દેવાના દિવસો પૂરા થયા! દુર્ગા બનીને રાક્ષસવૃત્તિના નર પિશાચોને સબક શીખવાડવાની તાલીમ કોઈ પણ પિતાની ફરજ બનવી જોઈએ. પોલીસ વિભાગ, કૉલેજમાં એન.સી.સી વિભાગ અથવા પર્વાતારોહણ જેવી તાલીમમાં મોકલવાથી તેનામાં પૌરુષત્વના ગુણો વિકસે છે. એક સમય હતો કે પિતા કે ઘરના અન્ય સભ્યો સ્વીકારી લેતા કે દીકરી વીસ વર્ષની થાય ત્યાં સુધી જે ભણે તે ભણાવવી અને પછી તે એના સાસરે વળાવી દેવાની. આજે સમય અને સંબંધીઓ પણ બદલાયા છે. દરેકને આર્થિક લાભોની લગની લાગી છે. દીકરી ઘરે બેઠા કશોક ગૃહ ઉદ્યોગ કરી શકે તેવી તાલીમ અપાવવી એ પણ સુરક્ષિત રહેવાનો ઉપાય બની શકે છે.

ભાલણે ગાયું છે કે 'લોચન અરુણ જાણી, જલજ મનોહર તરુણ'. બિલકુલ કોમળ

અનુસંધાન પાના નં. ૭ પર

# હું ફરી પ્રથમા પાસે આવ્યો અને આખી વિતક કહીને સહાનુભૂતિ મેળવવા માંગતો હતો, પણ એ હંસી પડી, સૂરજને ખબર પડી ગઈ કે હવે તેનો અસ્ત નક્કી છે

**(ગતાંકથી આગળ...)**

આશ્રમ રોડ પર આવેલ એક ગર્લ્ડ સ્કૂલમાં તેને પરીક્ષા આપવાની હતી. મને બહુ ગુસ્સો આવ્યો. કયાં ફસાઈ ગયો. તેની પરીક્ષા એમાં મારે હેરાન થવાનું, પણ હું લાચાર હતો. તે સમયે દીકરા પોતાના કુટુંબને કંઈ કહી ન શકતા.

બીજે દિવસે સાથે રીક્ષામાં તેને પરીક્ષા અપાવવા લઈ ગયો. રસ્તામાં હું ચુપ હતો. એ પણ તેનાં પુસ્તકમાં ખોવાયેલી હતી. વળતાં જોરદાર વરસાદ શરુ થઈ ગયો. અમે બંને રીક્ષામાં હોવા છતાં ખુબ ભીંજાઈ ગયા. આગળ પાણી ભરાયાં હોવાથી રીક્ષા આગળ જઈ શકે તેમ ન હતી. લાચાર અમે એક રેસ્ટોરેન્ટમાં ઘુસ્યા. કોઈ પણ જાતના સંકોચ વગર અર્ચનાએ મસાલા ઢોંસાનો ઓર્ડર આપ્યો. તે પછી વરસાદ અટકતાં ભીના કપડે અમે ઘેર આવ્યા. ઘરનાં સૌ ચિંતા કરતાં હતા. આટલું મોડું કેમ થયું.

ખેર! અર્ચના પરીક્ષા આપી પાછી તેની શહેર જતી રહી. પણ ત્યાંથી પત્ર લખવાનું ભુલી નહીં.




'તમે એક સુર્ય છો.' અર્ચનાએ પત્રમાં લખ્યું. એ પત્ર મેં પ્રથમાને વંચાવ્યો. ત્યારે પ્રથમાએ હસીને કહેલું. શિયાળામાં સુરજ સુખદ લાગે. તમે ગ્રીષ્મના આદિત્ય તો નથી ને. હજું હું એ પત્રનો જવાબઆપું કે ન આપું એમ વિચારતો હતો ત્યાં તેનો બીજો પત્ર આવ્યો.

જન્મ થતાં જ બાળક જેમ રડવા માટે બેચેન બની જાય છે તેમ જ આજ કોઈ બળવા બેચેન બન્યું છે. કયારેક પથ્થર પણ રડે છે અને સમુદ્ર પણ તરસ્યો રહી જાય છે.

આ પત્ર પણ મેં પ્રથમાને વંચાવ્યો. તેણે પત્ર વાંચ્યો પછી કહ્યું, આનો જવાબ જરુરથી આપજો. હું અસંમજસમાં હતો. એક પ્રેમનું મન રાખવા એક અપ્રિયને પ્રેમનો આધાર મળી રહ્યો હતો.

તમે સરસ, સરસ, સુંદર છો. તમને કલ્પનાઓથી શણગારવાનું મારું કામ નથી. હાં તમે મને સુર્ય કહ્યો છે તો હું તમને બાળીને ભસ્મ કરી દઉં.' મેં એવું લખેલું.

તે દરમિયાન પ્રથમાએ બેંકની સ્પર્ધાત્મક પરીક્ષાનું ફોર્મ ભરેલું. તેના પિતાએ મને બોલાવીને કહ્યું 'જરા ગુડ્ડીને ગણિત શીખવાડજે.' ઉપરનો ઓરડો ખાલી કરાવી દીધો છે. તને ભણાવવામાં જરાય મુશ્કેલી નહીં પડે ને!' ત્યારે તેને ચીસ પાડીને કહેલું ના અભ્યાસ માટે આ ડ્રોઈંગરુમ જ બરાબર છે.

પ્રથમા આ તે શું કર્યું? હું મારા મનથી વિચારવા લાગ્યો.

હું અમદાવાદ આવું છું. મારું રીઝલ્ટ આવી ગયું છે અને અમદાવાદ મેડિકલ કૉલેજમાં એડમીશન લેવાનું છે. અર્ચનાનો પત્ર આવ્યો. મેં ભણાવતાં તને એ પત્ર પણ વંચાવ્યો હતો. ચાલો સારું છે. સૂરજને ચાંદનીનો સાથ મળશે. પ્રથમાએ હંસીને કહેલું અને હું ઉદાસ થઈ વિચારતો હતો કાશ, સૂરજને ચાંદની નહીં પ્રથમાનો પ્રેમ મળે.

અને ત્યારે મેં પુછેલું સાચું કહેજે પ્રથમા તું મને પ્રેમ નથી કરતી. 'ના' પ્રથમા એ કચકચાવીને મારા સપનાનો મહેલ તોડી નાંખ્યો. તમે ફક્ત મારા મિત્ર છો.

ત્યારે મને લાગ્યું કે ખરેખર શેરીમાં જે અફવા ચાલતી હતી તે સાચી હશે કે મેડિકલમાં ભણતા છોકરાને તે પ્રેમ કરે છે. તે કોણ છે એની તો મને સારી ખબર હતી. મેં પણ ખીચાઈને કહ્યું, હા... હા... એમ કેમ નથી કહેતી કે હું વીકીને પ્રેમ કરું છું. કેમ કે એ ડૉકટર થવાનો છે.

'તો તને કોણે રોક્યો છે. અર્ચના પણ ડૉકટર બનશે. અર્ચના ને કયારેય પ્રેમ ન કરી શકું.' એ તો હું પ્રથમાની વાતમાં આવીને તેના પ્રેમથી વશીભૂત થઈ પ્રથમાના શબ્દોને મારા નામે લખી અર્ચનાને મોકલતો હતો.

હું ઉદાસી અને દુઃખી મને પાછો ફર્યો. આખી રાત સુઈ શક્યો ન હતો. સવારે તેને સમજાવવા ગયો હાં મને મિત્ર તરીકે રહેવું મંજૂર છે. પ્રથમા હસેલી. અમે સાથે બેસી ચ્હા પીધી.

તે દરમિયાન પ્રથમાને ઘરે આવેલા પેલા મેડિકલના છોકરા સાથે મારી મિત્રતા વધતી ગઈ. તેની વાતો મને ખુબ વિચિત્ર લાગતી હતી. હવે હું પ્રથમાને બહુ મળી શકતો ન હતો. તેવામાં એક દિવસ હું ઘરમાં બેસી કવિતા લખતો હતો ત્યાં અર્ચનાનો પત્ર મળ્યો.

અમદાવાદ આવ્યા પછી તમને મળી શકી નથી. શું એવું ન બને કે તિરસ્કાર પૂર્વક પણ તમે મને એક દિવસ આપી શકો. હું તેને મારી કલ્પનામાં સંજોવી શકું.

પત્રનો પ્રભાવ પડ્યા વિના રહે તેમ ન હતો. હું અર્ચનાને મળવા તેની હોસ્ટેલ પહોંચ્યો. ત્યારે ખબર પડીકે એ ફિલ્મ 'દિલવાલે' જોવા ગઈ છે. અર્ચના પાછાં ફરતાં મને મળી તે એકલી નહોતી તેની સાથે એક છોકરો હતો તેનું નામ આર્યન હતું. અર્ચનાએ જણાવ્યું કે આજ અચાનક પંદર વર્ષ પછી તેના પૂર્વ પ્રેમી સાથે તેની મુલાકાત થઈ ગઈ. અને મેં એક પુસ્તક વાંચ્યા વિના જ બંધ કરી દીધું. જેને વાંચવા માટે હું હજુ ખોલવા જતો હતો.

હુંફરી પ્રથમા પાસેઆવ્યોઅનેઆખી વિતક કહીને સહાનુભૂતિ મેળવવા માંગતો હતો. પણ એ હંસી પડી. સૂરજને ખબર પડી ગઈ કે હવે તેનો અસ્ત નક્કી છે.

હું રડતો હતો અને પ્રથમા હસતી હતી. હવે મેં નિર્ણય લઈ લીધો કે સૂરજને પળપળ સળગવાનું અને તડપવાનું જ છે.

પણ આ શું આજ કેટલાય દશકા બાદ જયારે અમદાવાદ પાછો આવ્યો તો અચાનક પ્રથમાની એક

અનુસંધાન પાના નં. ૭ પર

# સાધના 'કટ'..!! તેરા મુસ્કુરાના ગજબ હો ગયા...

અભિનેત્રી સાધાનાનું નામ લઈએ એટલે તરત જ લગભગ બધાં ફિલ્મી રસિકોની નજર સમક્ષ 'મેરે મહેબુબ' ફિલ્મમાં બુરખાની આડમાંથી હીરો રાજેન્દ્રકુમાર સામે જોઈ રહેલી એની બોલકી આંખો જ દેખાય... આ ફિલ્મમાં પહેલીવાર હીરો સાથે હીરોઈનની મુલાકાત થાય ત્યારે સાધનાએ જે આંખોથી વાતો કરી છે, માશા અલ્લાહ હજીએ દિલને ઘાયલ કરી જાય છે...

હિન્દી ફિલ્મી જગતને ૬૦-૭૦નો દસકો એટલે શિયાળામાં ખીલી ઉઠેલા બાગ જેવી મોસમ... અને એ જમાનામાં છવાયેલી સાધના, અભિનય કરતાં પણ સૌંદર્યને કારણે વધુ યાદ રહી ગઈ... હિન્દી ફિલ્મના સુવર્ણકાળના કેટલાંય કલાકારો કાળના પડદા પાછળ ધકેલાઈ ચૂક્યા છે, જે રહ્યા છે એ હવે આંગળીના વેઢે ગણાય એટલાં જ બચ્યાં છે...

સાધના ઉર્ફે સાધના શિવદાસાની, ફિલ્મી જગતની એક યાદગાર હીરોઈન શુક્રવારે (૨૫ ડિસેમ્બરે) એક્ઝિટ કરી ગઈ.. અત્યંત મોહક મારકણી આંખોની માલિક, મોનાલિસા જેવું ગૂઢ હાસ્ય એ સાધનાનું જમા પાસું. અને એમાં એ વિશેષ ઓળખાઈ એની હેર સ્ટાઈલથી, એની હેઅર સ્ટાઈલ પછી તો 'સાધના કટ' થી ફેમસ થઈ અને એ એટલી કે આજની બિપાશા બાપુ, પ્રિયંકા ચોપડા, કેટરીના કૈફ કે દીપિકા પાદુકોણ જેવી લેટેસ્ટ હીરોઈનો પણ એ કટનો કયારેક ઉપયોગ કરી લે છે.



હિન્દુસ્તાની પુરુષ પ્રધાન સંસ્કૃતિનું પ્રતિબિંબ ફિલ્મોમાંય અકબંધ રહ્યું છે. જયારથી સિનેમા બોલવા લાગ્યો ત્યારથી તમામ હીરોએ ફિલ્મી પરદા પર રાજ કર્યું છે. આ હીરો લોકોની હીરોઈન એટલે જાણે શોભાની પૂતળીઓ. હીરોઈનું મુખ્ય કામ બે-ચાર સારા પ્રસંગે ચાર-પાંચ ગીતો પુરતાં હીરોની સાથ નિભાવવાનો... આવી પરિસ્થિતિ વચ્ચે જે અભિનેત્રીએ પોતાની અલગ છાપ ઉપસાવી એમાં સાધનાનો નંબર ટોપમાં આવે...

એ વખતે આજના જમાના જેવી સ્પર્ધા નહોતી એ વાત સાચી, પણ જેમની સાથે હતી એ બહુ તગડી એ તો હીરોઈનોના નામ પર નજર નાખીએ તો ખબર પડી જાય. જિંદગીમાં માત્ર અભિનય જ કરવાનો એવા મક્કમ મનોબળ સાથે પ્રવેશેલી સાધનાનો મુકાબલો મીનાકુમારી, વૈજયંતીમાલા, નૂતન, વહીદા રહેમાન, નરગીસ જેવી દમદાર હીરોઈનો સાથે હતો. સાધનાની રેન્જમાં આવતી માલા સિન્હા, આશા પારેખ,નંદા જેવી બીજી પણ પાછી લટકાંની હતી જ!

દર શુક્રવારે એકાદ ફિલ્મ રજૂ થવી જ જોઈએ એવાં કોઈ ખેલ પડતાં નહોતા. રાજકપૂર જેવો શૉમેન બડે સુકુન સે ચારપાંચ વર્ષે એકાદ ફિલ્મ લઈને આવતો... આવા વાતાવરણમાં સાધનાએ પોતાની જાતને પ્રસ્થાપિત કરી. એનો પ્રભાવ એટલી હદે વધ્યો કે સૌથી વધુ રૂપિયા લેવાને મામલે એ વૈજયંતી માલા પછીના ક્રમે આવતી થઈ અને એની તારીખો મેળવવાં નિર્માતાઓની લાઈન લાગતી. હીરોઈનોની ભીડમાં પણ સાધનાની માર્કેટ વેલ્યુ અપ હતી એમાં કોઈ શંકાને સ્થાન જ નથી...




સાધનાની હીરોઈન તરીકેની વાર્તા, એટલે એકાદી થ્રીલર નવલકથા જેવી લાગે... પપ્પા કલાના ઉપાસક અને એટલે એમની મનગમતી હીરોઈન સાધના બોસના નામ પરથી દીકરીનું નામ રાખ્યું. ભારતના ભાગલા પડ્યાં અને કરાંચીમાં સ્થિર થયેલો આ શિવદાસાની પરિવાર ૧૯૫૦માં મુંબઈમાં આવી વસ્યો. સાધના ત્યારે ૮-૯ વર્ષની હશે. સમજોને એને એનું ભાગ્ય જ અહીં ખેંચી લાવ્યું...

રાજકપૂરનાં 'શ્રી ૪૨૦' ફિલ્મમાં 'મૂડ મૂડ કે ના દેખ મૂડ મૂડ કે' ગીતમાં નાદિરાની પાછળ જે છોકરીઓ નાચતી હતી એમાં સાધનાને તક મળી હતી, એ રોલ તો કદાચ બે-ચાર મિનિટનો હશે પણ એ પરથી એનાં ચહેરા પર જે મેકઅપી લાલી ચઢી અને એના કારણે જ એની મહત્ત્વાકાંક્ષાને ખાતર પાણી મળી ગયા, અને પછી સાચ્ચે જ એને મૂડકર નહોતું જોયું...

કૉલેજમાં નાટકમાં કામ કરવા લાગેલી સાધનાને એનાં રુપ અને અભિનયને કારણે પંદરમે વર્ષે પ્રથમ ઑફર ફિલ્મમાં કામ કરવાની મળી, પણ એ હિન્દી નહીં સિંધી ફિલ્મ 'અબાના' હતી... ફિલ્મીસ્તાન સ્ટુડિયોના સર્વેસર્વા શશધર મુખર્જીએ 'સ્કિન' માં આપેલી જાહેરાત સાધનાની નજરે ચઢી, ફિલ્મીસ્તાનને નવા ચહેરા જોઈતા હતાં અને સાધનાને તક મળી ગઈ...

યોગાનું યોગ એવો કે સાધનાનો ફોટો પહેલાં કયાંક મુખર્જીએ જોયો હશે અને આ અરજી આવી એ સાથે મેચ થઈ ગયો, એ તો મોટા ગજાનાં નિર્માતા, એમણે પોતાના દીકરા જૉય મુખર્જીના ફિલ્મ પદાર્પણ માટે ફ્રેશ ચહેરો જોઈતો હતો, અને આમ 'લવ ઈન સિમલા' ફિલ્મની હીરોઈન માટે સાધનાની પસંદગી થઈ. આ ફિલ્મના દિગ્દર્શક હતા આર.એ. નૈય્યર. આ ફિલ્મ વખતે બંને પ્રેમમાં પડ્યાં, અને છ વર્ષના ઈંતજાર બાદ બંને પરણી પણ ગયાં...

સુંદર અને આકર્ષક સાધના કોઈ પણ ફ્રેમમાં જામી જતી હતી, કયાંય કોઈ ખામી નહોતી. એક નાનકડી તકલીફ હતી, અને એ એટલે એનું મોટું કપાળ! નૈય્યરને એ ખટકતું હતું. સાધનાએ એના વાળ કપાળ પર ચોંટાડી જોયા, પણ કાંઈ ખાસ જામ્યું નહીં. છેલ્લે નૈય્યરે જે એનો રસ્તો કાઢ્યો. એમની નજર સમક્ષ હતો હોલીવુડની પ્રખ્યાત અભિનેત્રી ઓડ્રી હેપબર્નનો હેર સ્ટાઈલનો લૂક... એમણે સાધનાને ઓડ્રીની કૉપી કરવાનું કહ્યું, અને સાધનાના ચહેરા પર એનું ભારતીય કરણ થઈને આવ્યો 'સાધના કટ...'

ભારતીય ફિલ્મી જગતમાં કોઈ હીરોઈનના નામને કારણે એની હેરસ્ટાઈલ ઓળખાય એવો પહેલો અને છેલ્લો પ્રસંગ એટલે આ સાધના કટ... ૧૯૬૦માં આવેલી 'લવ ઈન સિમલા' નો હીરો તો બાજુએ રહી ગયા અને ચર્ચામાં આવી ગઈ સાધના. બિમલ રૉય જેવા નજર પારખુએ આ હીરોઈનને પછી પોતાની ફિલ્મ 'પરખ'માં લઈ લીધી...

'ઓ સજના, બરખા બહાર આઈ...' એવું કહેનારી સીદીસાધી નાયિકા બધાંને ગમી ગઈ... ફિલ્મીસ્તાન સાથેનો ત્રણ વર્ષનો કોન્ટ્રાકટ પત્યા બાદ સાધના એ વખતની ટોચની હીરોઈનો સાથે સ્પર્ધામાં ઉતરી. 'હમ દોનો', 'અસલી નકલી' (દેવ આનંદ), 'દુલ્હા-દુલ્હન' (રાજકપૂર), 'રાજકુમાર' (શમ્મી કપૂર), 'મેરે મહેબુબ' (રાજેન્દ્રકુમાર) એવાં મોટાં બેનર્સ અને કલાકાર સાથેની ફિલ્મમાં એની અદાકારી મોહક રહી...

'વક્ત' થી લઈ 'ઔરત' સુધીની અનેક ફિલ્મો એનાં સૌંદર્યને કારણે ચમકી ઉઠી. રાજ ખોસલા જેવાં દિગ્દર્શકની તો એ પ્રથમ પસંદગી હતી. આ જોડીએ 'એક મુસાફિર એક હસીના', 'વૉ કોન થી', 'મેરા સાયા' અને 'અનિતા' એમ ચાર સુપરડુપર ફિલ્મો કરી... એમાય 'વો કૌન થી..' ફિલ્મના નૈના બરસે રિમઝિમ, લગજા ગલે સે, જો હમને દાસ્તાં અપની સુનાદી - આ ગીતો એટલે લતા-મદનમોહનનું સર્વશ્રેષ્ઠ સર્જન કહેવાય છે, અને આ ગીતોને સાધનાની અદાકારીને વધુ પ્રિય બનાવ્યાં.

સાંઈઠના દસકામાં એનો સિતારો બુલંદ હતો, એમાં કોકની નજર લાગી અને એને થાઈરોઈડ થયો, આને કારણએ એની આંખોમાં તકલીફ થઈ અને એનો બોસ્ટનમાં ઈલાજ પણ થયો.

સિત્તેરના દશકામાં એણે દિગ્દર્શિત કરેલી ફિલ્મ 'ગીતા મેરા નામ' ઉંધા માથે પછડાઈ અને સાધનાએ ત્યાંથી જ ફિલ્મમાંથી એક્ઝિટ લઈ લીધી... એની સમકાલિન હીરોઈનોની જેમ મા, ભાભી જેવી ભૂમિકા કરવાનાં ફંદામાં એ પડી નહીં. ગમે તેવા સાર્વજનિક કાર્યક્રમમાં જવું અને ત્યાં સેલિબ્રીટી બની ફોટા પડાવવાનું એણે હંમેશા ટાળ્યું...

સાધના કહીએ એટલે એની સુંદર આંખો, મોહક હાસ્ય, સાદાઈ સાથેનું સૌંદર્ય... અને યુવાની. બિમારીને કારણે સુજેલો ચહેરો, ઉંમર વધતાં બદલાયેલું રૂપ પડદા પર કયારેય ન આવે એવી આગ્રહપૂર્વકની નિવૃત્ત સ્વીકારનારી સાધના એટલે જ કદાચ યુવાન તરીકે જ સ્મરણમાં રહી છે!

હીરોઈન તરીકે ચુસ્ત ચુડીદાર-કુર્તાએ પણ સાધનાએ લાવેલી ફૅશન મનાય છે. એ ફેશન પછી સહજતાથી સમાજમાં પણ ફેલાઈ હતી... આરજુ, ઈન્તકામ, ઈક ફુલ દો માલી જેવી ફિલ્મો અને અભી ના જાઓ છોડકર, ઝુમખાં ગીરા રે' કે તું જહાં ચલેગા મેરા સાયા સાથ હોગા જેવા ગીતો સાધનાની અમર યાગો મુકી ગયા છે...

ઢળતી ઉંમરે એને પોતાનું ઘર ગુમાવવાની નોબત આવી. એમાં એની ખુમારી અકબંધ હતી પણ એના ચાહકો ગાયબ હતાં... ફિલ્મ સૃષ્ટિનો જે શ્રેષ્ઠ સમય એણે ભોગવ્યો એ દશકા પાછળ ધકેલાઈ ચૂક્યો હતો... 'એ ફૂલોં કી રાની, બહારોં કી મલકા, તેનાર મુસ્કુરાના ગજબ હો ગયા...' જેવા શબ્દો પરદા પર જેની માલિકીના હતા એવી સાધના પરદા પાછળ ચાલી ગઈ છે...

**ચૂંટલો** : આપ યું હી અગર હસમેં મિલતે રહે દેખીયે ઈક દિન પ્યાર હો જાયેગા.. ગાનારી હીરોઈન સાધનાની હેરસ્ટાઈલ 'સાધના કટ' સાથે ખરેખર પ્રેમમાં પડાય એવું જ હતું. લાઈફમાં દરેકની એક્ઝિટ તો નક્કી જ છે, છતાંય સાધના માટે તો બધાં એમ જ કહેશે કે, અભી ના જાઓ છોડકર, કે દિલ અભી ભરા નહી...